**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૦૯/૧૦/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૭૦/૧૮

## ઘરફોડ ચોરી કરતા આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી રામોલ પોલીસ અ"વાદ શહેર

ઉપરી અધિકારીશ્રીઓ તરફથી મળેલ સુચના આધારે પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ હોય જેથી અમોએ સર્વેલન્સ સ્કોડ પોસઇ શ્રી વી.બી.વાઘેલા નાઓને મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સાથેના સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૬/૦૦ વાગે વસ્ત્રાલ વેરા પાસે આવતા સાથેના હેકો વિજયસિહ પર્વતસિહ તથા પોકો ચિરાગભાઇ ભુપતભાઇ નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે બે ઇસમો જેમા એક ઇસમે શરીરે છીકણી કલરનુ પેંટ તથા આછા ગુલાબી કલરનો શર્ટ પહેરેલ છે તથા બીજા ઇસમે છીકણી કલરનુ પેંટ તથા આસમાની લાઇનિંગવાળુ શર્ટ પહેરેલ છે જે બંન્ને ઇસમો પોતાની પાસે ચોરી અગર છળકપટથી મેળવેલ સોના-ચાંદીના દાગીનાઓ લઇ તેને વેચવા માટે સુરેલીયા સર્કલ ખાતે સોનાચાંદીની દુકાનો આગળ ફરે છે જે બાતમી હકીકત આધારે

મણીનગર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩૫/૧૮ ધી ઇપીકો કલમ. ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો શોધી

આરોપીઓ:- (૧) સોમાભાઇ રત્નાભાઇ વીરચાભાઇ જાતે. કળમી ઉવ.૩૪ રહે. ગામ. મતવા તા.ગરબાડા જી.દાહોદ

નં.(૨) માનસિંગ નરસિંગ દીતીયા જાતે. ભુરીયા ઉવ.૨૫ રહે.ભરવાડવાસ ટેકરા ઉપર વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર મુળગામ. ગડોઇ તા.જી.દાહોદ

નાઓની પાસેથી ઘરફોડ ચોરી કરેલ સોના-ચાંદીના દાગીના તથા પરચુરણ રૂપિયા ૪૮૪/- મળી કુલ્લે રૂપિયા ૩૬,૨૮૪/- નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીઓને તા.૦૮/૧૦/૧૮ ના કલાક ૧૭/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

## <u>ગણતરીના કલાકો મા લુટનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ</u>

## <u>રીક્ષામા પેસેન્જર ને બેસાડી ચપ્પુ બતાવી લુટ કરતા ત્રણ ઈસમોને રીક્ષા સાથે</u>

## <u>ઝડપાયા</u>

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૦૮/૧૦/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો ચેતનભાઈ રણછોડભાઈ તથા એલ.આર શૈલેષભાઈ પોપટભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે રબારી કોલોની ચાર રસ્તા પાસે જાહેરમા આરોપીઓ નં.(૧) <u>શૈલેન્દ્રસિંગ રામેશ્વરસિંગ રાજપુત</u> ઉવ:૩૮ રહે:રબારી કોલોની ગેટ નં.૪ ભુરાભાઈ રબારીના મકાનમા અમરાઈવાડી અમદાવાદ શહેર મુ.વતન. ગામ:બીચ્છીયા જંગલ તુલસીરામ મહેલો ગોરખતુર તા.જી.ગોરખપુર નં.(૨) <u>પ્રશાંત ઉર્ફે વિક્કી સ/ઓ જીતેન્દ્રસિંગ ચૌહાણ</u> ઉવ:૧૯ રહે:ગાંડાલાલની ચાલી રતનપુરા ગામ રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:જાસમઈ તા:ભોગાવ જી:મેનપુરી ઉત્તરપ્રદેશ તથા નં.(૩) <u>અજીત ઉર્ફે બાબુ સ/ઓ હંસરાજભાઈ સુરજબલી ચૌહાણ</u> ઉવ:૨૨ રહે:મંગુબેનની ચાલી રામનગર ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ શહેર મુળવતન ગામ:બહરીયાબાદ તા:જખનીયા જી:ગાજીપુર ઉત્તરપ્રદેશ નાઓ ને પોતાની કબજાની સી.એન.જી. ઓટો રીક્ષા નંબર નંબર <u>GJ-27T-9579</u> સાથે પકડી અંગઝડતી કરતા ત્રણેય ઈસમો પાસેથી મળી કુલ્લે રોકડા રૂપીયા ૫૦૦૦/- તથા એક ચપ્પુ મળી આવતા તેઓની પુછપરછ દરમ્યાન ગઈ તા:૦૬/૧૦/૧૮ ના રોજ રાત્રીના સમયે એક ઈસમને રબારી કોલોની ચાર રસ્તાથી પેસેન્જર તરીકે ઉપરોક્ત રીક્ષામા બેસાડી મહાદેવનગર ટેકરા ખાતે આવી ચપ્પુ બતાવી પૈસા આપવાનુ કહેતા નહી આપતા ચપ્પાનો પાછળનો ભાગ ગાલ ઉપર મારી તેના ખીસ્સા માંથી રોકડા રૂપીયા ૫૦૦૦/- કાઢી લુટી લઈ રીક્ષા માંથી ઉતારી લુટ કરી ભાગી ગયેલ હોવાનુ જણાવતા સદરી બાબતે રામોલ પો.સ્ટેશન ખાતે ફ.ગુર.નં.૧૮૩/૧૮ ઈપીકો કલમ ૩૯૪ ૨૯૪(ખ) ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો દાખલ થયેલ સદર ગુનાના કામે આરોપીઓ અટક કરી લુટમા ગયેલ મુદ્દામાલ કબજે કરી કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### <u>સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનઃ</u>

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા શરીરસબંધી ગુનામા પકડાયેલ આરોપી દિપક ઉર્ફે દીપુ મોહનભાઇ મુરજાની ઉવ.૨૧ રહે.બી/૨૦૯ સમોર હાઇટસ ફ્લેટ દિનેશભાઇ વાઘેલાના ફ્લેટમા મુઠીયા ગામ નરોડા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધમા દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદરી ઇસમ વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા સદરી વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ કમાંકઃ પીસીબી/ડીટીએન/પાસા/૯૬૨/૨૦૧૮ તા.૦૮/૧૦/૨૦૧૮ થી મધ્યસ્થ જેલ ભાવનગર ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીને આજરોજ તા.૦૮/૧૦/૨૦૧૮ ના રોજ ડીટેઇન કરી કલાક ૨૧/૩૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ ભાવનગર ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

**<u>સરખેજ પોલીસ સ્ટેશનઃ</u>**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર સાશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારનાં નાસતા ફરતા આરોપી શોધવા સારૂ સુચના આપતા અત્રેનાં પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.આર.ચૌધરી અને સ્ટાફનાં માણસોએ પેટ્રોલિંગ દરમ્યાન અમરાઇવાડી પોલીસ સ્ટેશનના ફસ્ટગુ.ર. નંબર ૮૫/૨૦૧૦ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬ મુજબના કામે નાસતો ફરતો આરોપી નામે અજય નાથુરામ જાતે યાદવ ઉ.વ. ૨૯ રહે ચાંદલોડીયા ગણેશનગર ડેરીની બાજુમાં ચાંદલોડીયા અમદાવાદ શહેર મુળ વતન ગામ ઉદયપુરા તા-જીલ્લો ઇટાવા ઉત્તરપ્રદેશ નાએ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ) મુજબ તારીખ ૮/૧૦/૨૦૧૮ નાં કલાક ૨૦/૦૦ વાગે પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>સરખેજ પોલીસ સ્ટેશનઃ</u>**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર સાશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારનાં નાસતા ફરતા આરોપી શોધવા સારૂ સુચના આપતા અત્રેનાં પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.આર.ચૌધરી અને સ્ટાફનાં માણસોએ પેટ્રોલિંગ દરમ્યાન સરખેજ પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ..ર. નંબર ૩૬/૨૦૧૬ ઇપીકો કલમ ૪૦૬,૧૧૪ મુજબના કામે નાસતા ફરતા આરોપીઓ નામે (૧)શર્ફરાજહુસેન મંજુરહુસેન જાતે શેખ ઉ.વ. ૩૯ રહેવાસી ઘર નં-૩ સલમાન રો-હાઉસ યુસુફ મસ્જીદની બાજુમાં કેનાલની પાછળ ફતેવાડી અમદાવાદ શહેર નાને આજરોજ તારીખ ૮/૧૦/૧૮ નાં કલાક ૧૧/૪૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>સરખેજ પોલીસ સ્ટેશનઃ</u>**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર સાશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારનાં નાસતા ફરતા આરોપી શોધવા સારૂ સુચના આપતા અત્રેનાં પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.આર.ચૌધરી અને સ્ટાફનાં માણસોએ પેટ્રોલિંગ દરમ્યાન સરખેજ પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ..ર. નંબર ૩૬/૨૦૧૬ ઇપીકો કલમ ૪૦૬,૧૧૪ મુજબના કામે નાસતા ફરતા આરોપીઓ નામે શૈલેષકુમાર અમરતલાલ જાતે ઉપાધ્યાય ઉ.વ.૬૨ રહેવાસી એફ/૫ મધુરમ ફ્લેટ એચ.પી. પેટ્રોલપંપની બાજુમાં જીવરાજપાર્ક ચાર રસ્તા પાસે જીવરાજપાર્ક અમદાવાદ શહેર નાને આજરોજ તારીખ ૮/૧૦/૧૮ નાં કલાક ૧૧/૪૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## વેજલપુર પોલીસ સ્ટેશનઃ

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવૃતી અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી પટેલ નાઓ તથા માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સંબંધી ગુનામા સંડોવાયેલ તુલશીભાઈ દશરથભાઈ ચુનારા ઉ.વ.૨૫ રહે: એલ.જે.કોલેજ પાસે, છારાવાસ, નાગદેવના મંદીર પાસે, સરખેજ, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા પ્રોહીબીશનના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક:-પીસીબી/ડીટીએન/પાસા/૯૬૬/૧૮ તા.૦૮/૧૦/૨૦૧૮ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૦૮/૧૦/૨૦૧૮ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૮/૧૦/૨૦૧૮

## વેજલપુર પોલીસ સ્ટેશનઃ

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવૃતી અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી પટેલ નાઓ તથા માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સંબંધી ગુનામા સંડોવાયેલ સુરેશભાઈ પ્રતાપભાઈ ચુનારા ઉ.વ.૨૦ રહે: કાચા છાપરામાં, સાબરમતી નદીમાં, જશુભાઈના આરામા ભાઠામાં, ફતેવાડી પાછળ, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા પ્રોહીબીશનના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક:-પીસીબી/ડીટીએન/પાસા/૯૬૫/૧૮ તા.૦૮/૧૦/૨૦૧૮ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૦૮/૧૦/૨૦૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૮/૧૦/૨૦૧૮

## : અમરાઇવાડી પોલીસ સ્ટેસન

### પ્રોહિબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૯૬૪/૨૦૧૮ તા.૦૮.૧૦.૨૦૧૮ ના પાસા અટકાયતી રાજકુમાર @ રાજા ટમાટર સ/ઓ લાલુપ્રસાદ યાદવ ઉ.વ.૨૨ રહેવાસી બલરામની ચાલી સુખદેવનગર જોગેશ્વરી રોડ અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ મોઉ દરગાહ તા.જી.કાનપુર ઉત્તરપ્રદેશ ના વિરુધ્ધ રામોલ પો.સ્ટે (૧) પ્રોહિ ગુ.ર.નં.૫૩૭૩/૧૮ તથા અમરાઇવાડી પો.સ્ટે (૨) પ્રોહિ ગુ.ર.નં.૫૨૪૩/૧૮ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**૦૪ કીલો ૯૩૪ ગ્રામ ગાંજાના જથ્થા કિ.રૂ.૪૯,૩૪૦/- સાથે એક ઇસમને ઝડતી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

ખાસ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર ડૉ.શ્રી હર્ષદ પટેલ સાહેબ તથા શ્રી બી.સી.સોલંકી મદદનીશ પોલીસ કમિશનર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.ડી.પરમાર તથા પોસઇ શ્રી જે.કે.રાઠોડ તથા સ્ટાફના માણસો નશીલા પદાર્થોની હેરાફેરી તથા વેચાણ કરતા અસામાજિક તત્વોની વોચમાં હતા. દરમ્યાન પોસઇ શ્રી જે.કે.રાઠોડને મળેલ બાતમી હકીકત આધારે આરોપી ભુપેશકુમાર ગોપીસિંગ જાતે સોમ ઉ.વ.૪૬ ધંધો.વેપાર રહે. મ.નં.એ/૬૧, પ્રતિક્ષા સોસાયટી, કોર્ણાક નગર, અદગાંવ શિવાર, આડગાંવ, નાસિક, મહારાષ્ટ્રને અમદાવાદ શહેર નારોલ શાસ્ત્રીબ્રીજ ચેક પોસ્ટ ખાતે જાહેરમાંથી ઝડપી પાડી તેના કબ્જામાંથી ૦૪ કીલો ૯૩૪ ગ્રામ ગાંજાના જથ્થા કિ.રૂ.૪૯૩૪૦/- નો વગર પાસ પરમીટ વગરના ગેરકાયદેસરનો ગાંજાના જથ્થો તથા રોકડા નાણા રૂ.૩૧૫૦/- તથા મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/- તથા પર્સ, આધારકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ મળી કુલ રૂ.૫૭,૪૯૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. સદરી પકડાયેલ ઇસમને આ ગાંજાનો જથ્થો તે ક્યાંથી લાવેલ છે અને કોને આપવાનો હતો તે સબંધે પુંછતા જણાવેલ કે, આ ગાંજાનો જથ્થો એજાજ નાએ નાસિક ખાતેથી આપેલ તે ગામ રાંચરડા ખાતે રહેતી સુમન ઉર્ફે ભાભીને આપવાનો હતો તેવી હકિકત જણાવેલ. જેથી સદરી ઇસમને તા:૦૮/૧૦/૨૦૧૮ ના કલાક ૧૫/૫૦ પકડી અટક કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.